# ડુપ્લીકેટ લાયસન્સમાં સરળીકરણ.

- **<u>ડ્રાઈવીંગ લાયસન્સ રીપ્લેસમેન્ટ માટે</u>**
- ઓરીજનલ લાયસન્સ
- આઈ.ડી. પ્રૂફ – (સરનામાંનો પુરાવો)
- પાસપોર્ટ ફોટો –૧

- **<u>ડુપ્લીકેટ લાયસન્સ માટે</u>**
- લાયસન્સની ઝેરોક્ષ
- આઈ.ડી.પ્રૂફ (સરનામાનો પુરાવો)
- પાસપોર્ટ સાઈઝના બે ફોટા
- સ્કૂલ લીવીંગ ની ઝેરોક્ષ.

વધુમાં લાયસન્સ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં તેમની વેલીડીટી મેળવવા માટે.

**ડુપ્લીકેટ લાયસન્સમાં સરળીકરણ.**

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય,
ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંક : એમવીપી/૨૯૧૨૦૧૫/૨/ડુ.લા./સરળી/ 8080
તારીખ. 11 FEB 2015

પરિપત્ર :-

**આમુખ.**

આરટીઓ/એઆરટીઓ કચેરીમાં ખુબજ મોટા પ્રમાણમાં લાયસન્સ ધારકો લાયસન્સ સંબંધીત કામગીરી કરવા માટે રુબરુમાં આવતા હોય છે. આમાં, સીનીયર સીટીઝનો તથા મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ સંજોગોમાં જાહેરજનતાને કોઇ તકલીફ ન પડે, તેઓના સમયનો બીનજરુરી વ્યય ન થાય તથા નાગરિકોને વધુને વધુ સારી સેવા મળી રહે તે હેતુથી ડ્રાઈવીંગ લાયસન્સ સંબંધીત કામગીરીઓની સમિક્ષા કરી સમગ્ર પ્રોસેસ સારથી સોફટવેરનાં ઉપયોગથી સીંગલ વીન્ડો પધ્ધતિ અપનાવી કોમ્પ્યુટરાઇઝડ કરવામાં આવી છે. આ પ્રક્રીયામાં આગળ વધતાં લાયસન્સ સંબંધીત કામગીરીઓમાં સરળીકરણ કરવાની પ્રક્રીયામાં હાલનાં તબક્કે ડુપ્લીકેટ લાયસન્સ મેળવવાની પધ્ધતિમાં સરળીકરણ કરવામાં આવ્યું છે. ડુપ્લીકેટ લાયસન્સ મેળવવા માટે વેલીડ ડ્રાઈવીંગ લાયસન્સ ખોવાઇ જાય, ચોરાઇ જાય, તુટી જાય, બળી જાય. વાંચી શકાય નહીં તેવું થાય તેવા સંજોગોમાં ડુપ્લીકેટ લાયસન્સ મેળવી શકાય છે. જેની જોગવાઇ ગુજરાત મોટર વાહન નિયમ,૧૯૮૯ નાં નિયમ-૧૩ માં કરવામાં આવેલ છે.

આ બાબતે નીચે પ્રમાણે સૂચનાઓ આપવામાં આવે છે.

**સૂચનાઓ.**

૧. અમદાવાદ આરટીઓ કચેરીમાં જે લાયસન્સ ધારકે તા.૧-૧-૨૦૧૦ કે ત્યારબાદ લાયસન્સ સંબંધીત કાર્યવાહી કરાવેલ હશે તથા અમદાવાદ સિવાયની કચેરીઓમાં તા.૧-૬-૨૦૧૦ કે ત્યારબાદ લાયસન્સ સંબંધીત કામગીરી કરાવેલી હશે તથા તે ડ્રાઇવીંગ લાયસન્સ અમલી હોય તેમજ તેનો ડેટા (Photo+Biometic)સારથી સોફટવેર માં સ્ટોર થયેલ હશે તેવા લાયસન્સ ધારકોને ડુપ્લીકેટ લાયસન્સ માટે કચેરીમાં રુબરુ હાજર રહેવાની જરુર નથી.

૨. જે લાયસન્સ ધારકનું લાયસન્સ અમલી હશે અને રુબરુ આવવાનું ન હોય તો તેઓએ નીચે પ્રમાણેની પ્રક્રીયા અનુસરવાની રહેશે.

:એ: અરજદારશ્રીએ સૌ પ્રથમ ડુપ્લીકેટ ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા માટેનું નિયત ફોમ "એલએલડી" માં દર્શાવેલ વિગતો જેવી કે ડ્રાઈવીંગ લાયસન્સ નંબર, ઈસ્યુ તારીખ, કયા પ્રકારની વાહન ચલાવવા માટેનું લાયસન્સ છે, લાયસન્સની વેલીડીટી, નિયત નમૂનાની સહી કરી સાથે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો જોડવાનો રહેશે. અરજદારશ્રી પાસે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ કોપી પ્રાપ્ય હોય તો તે સાથે જોડવી.

:બી: આ ફોર્મની સાથે અરજદારે સ્વયંપ્રમાણિત ફોટો આઈ.ડી.પ્રુફ તથા સરનામાના પુરાવાની નકલ જોડવાની રહેશે.

:સી: ત્યારબાદ અરજી ડુપ્લીકેટ ડ્રાઈવીંગ લાયસન્સ માટેની નિયત ફી સાથે કચેરીમાં રજુ કરી ફી ભરપાઈ કરવાની રહેશે. આ સિવાયની અન્ય કામગીરી કચેરીમાં હાલમાં પ્રવર્તમાન પધ્ધતિ મુજબની રહેશે.

ઉક્ત વિગતે તાત્કાલીક અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

આસિ. [illegible] અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી........................

(૨) એમ.વી.એ.શાખા, વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર જાણ તથા અમલ કરાવવા સારુ.

(૩) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.

(૪) કાર્યાલય આદેશ ફાઈલ.

:પુરાબિયા:પરિપત્ર-૨૦૧૦:૧૨૨:

**Akhil Gujarat Truck Transport Association**

R. 28-4-15